# ૪.૩ જૈન આગમની સારભૂત ઉપયોગી વાતો.

*ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા સંજમો તવો,*
*દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો.*

– શ્રી દશવૈકાલિકસૂત્ર – અધ્યાય – ૧

ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. અહિંસા, સંયમ અને તપ એ ધર્મ છે. જેમનું મન સદા ધર્મમાં છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે.

*જરા જાવ ન પીડેઈ, વાહી જાવ ન વડ્ઢઈ,*
*જાવિંદિયા ન હાયંતિ તાવ ધમ્મં સમાયરે.*

– શ્રી દશવૈકાલિકસૂત્ર – અધ્યાય – ૮

જ્યાં સુધી ઘડપણ સતાવતું નથી, જ્યાં સુધી વ્યાધિઓ વધતા નથી અને જ્યાં સુધી આંખ વગેરે ઈન્દ્રિયો તથા હાથ વગેરે કર્મેન્દ્રિયો નબળી પડી નથી, ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લેવું જોઈએ.

*જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગા ય મરાણાણિ ય,*
*અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસન્તિ જંવતો.*

– શ્રી સમણસુત્તં

જન્મ એ દુ:ખ છે, ઘડપણ એ દુ:ખ છે, રોગ દુ:ખ છે અને મૃત્યુ દુ:ખ છે. અહો! સંસારમાં દુ:ખ જ છે, જેમાં (સંસારમાં) જીવ કલેશને પામે છે.

*એયં ખુ નાણિણો સારં, જં ન હિંસતિ કિંચણ,*
*અહિંસા સમયં ચેવ, એયાવન્તં વિયાણિયા.*

– શ્રી સૂત્રકૃતાંગ

કોઈને પણ પીડા ન કરવી એ ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તોય ઘણું.

*કામાણુગિદ્ધિપ્પભવં ખુ દુક્ખં, સવ્વસ્સ લોગસ્સ સદેવગસ્સ,*
*જં કાઈયં માણસિયં ચ કિંચિ, તસ્સડન્તગં ગચ્છઈ વીયરાગો.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યાય – ૩૨

સ્વર્ગમાંય જે કાંઈ (માનસિક)દુ:ખ છે તથા આ નજરે દેખાતા આખાય સંસારમાં જે કાળ શારીરિક અને માનસિક દુ:ખ છે, તે બધુંય કામભોગોની લાલચમાંથી જ પેદા થયેલ છે, માટે રાગ–દ્વેષથી પર થયેલા એવા વીતરાગ જ તે દુ:ખોનો અંત પામી શકે છે.

*પાણિવહ – મુસાવાયાઽદત્ત – મેહૂણ – પરિગ્ગહા વિરઓ,*
*રાઈભોયણવિરઓ, જીવો ભવઈ અણાસવો.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યાય –૩

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ – એ પાંચ પાપમય પ્રવૃત્તિઓથી અટકી ગયેલો અને રાત્રિભોજનની પ્રવૃત્તિથી વિરામ પામેલો જીવ આસ્રવ વગરનો હોય છે.

*કમ્મં ચિણંતિ સવસા, તસ્સુદયમ્મિ ઉ પરવ્વસા હોંતિ,*
*રુક્ખં દુરુહઈ સવસો, વિગલઈ સ પરવ્વસો તત્તો.*

– શ્રી સમણસુત્તં

જેવી રીતે કોઈ પુરુષ ઝાડ ઉપર ચડતી વખતે સ્વવશ હોય છે પરંતુ પ્રમાદવશ એ જ્યારે ઝાડ ઉપરથી નીચે પડે છે ત્યારે એ પરવશ બની જાય છે, તેવી રીતે જીવ સ્વવશપણે કર્મ કરે છે પણ કર્મના ઉદય વખતે એને (કર્મ) ભોગવવાં પડે છે ત્યારે એ પરવશ બની જાય છે.

*એવં ધમ્મસ્સ વિણઓ, મૂલં પરમો સે મોક્ખો,*
*જેણ કિત્તિં સુયં સિગ્ઘં, નિસ્સેસં, ચાભિગચ્છઈ.*

– શ્રી દશવૈકાલિક સૂત્ર – અધ્યાય – ૯

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોતમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, પ્રશંસા અને કલ્યાણ શીઘ્ર મેળવે છે.

*સંબુજ્ઝઈ કિં ન બુજ્ઝઈ સંબોહી ખલુ પેચ્ચ દુલ્લહા,*
*નો હૂવણમંતિ રાઈઓ, નો સુલભં પુણરવિ જીવિયં.*

– શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

(હે મનુષ્યો!) જાગો, જાગો!, અરે!, તમે કેમ જાગતા નથી? મૃત્યુ પછી પરલોકમાં અંતર્જાગૃતિ થવી દુર્લભ છે. (જેમ) વીતેલી રાત્રિઓ ફરી વાર આવતી નથી (તેમ) મનુષ્યભવ ફરીવાર પ્રાપ્ત કરવો સુલભ નથી.

*જે એગં જાણઈ, સે સવ્વં જાણઈ,*
*જે સવ્વં જાણઈ, સે એગં જાણઈ.*

– શ્રી આચારાંગ સૂત્ર

જે એક (આત્મસ્વરૂપ)ને જાણે છે તે બધું જાણે છે અને જે સર્વને જાણે છે તે એક (આત્મા)ને જાણે છે.

*અપ્પા કત્તા વિકત્તા ય, દુહાણ ય સુહાણ ય,*
*અપ્પા મિત્તમમિત્તં ચ, દુપટ્ઠિઅ – સુપ્પટ્ઠિઓ.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

સ્વયં આત્મા જ પોતાના સુખ–દુ:ખનો કર્તા તથા ભોક્તા છે. સારા માર્ગે ચાલનાર પોતાનો આત્મા જ પોતાનો મિત્ર છે અને ખરાબ માર્ગે ચાલનાર આત્મા જ પોતાનો શત્રુ છે.

*રાગો ય દોસો બિયં, કમ્મં ચ મોહપ્પભવં વયતિ,*
*કમ્મં ચ જાઈમરણસ્સ મૂલં, દુક્ખં ચ જાઈ–મરણં વયંતિ.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

રાગ અને દ્વેષ એ બંને કર્મનાં બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે એવું જ્ઞાનીઓનું કથન છે. કર્મ જન્મ મરણનું મૂળ છે અને જન્મ મરણ એ દુ:ખની પરંપરા છે.

*જીવ – વહો અપ્પ–વહો, જીવ–દયા અપ્પ–દયા હોઈ,*
*તા સવ્વ જીવ– હિંસા, પરિચત્તા અત્તકમ્મેહિં .*

– શ્રી ભક્ત પરિજ્ઞા

જીવહિંસા એ પોતાની હિંસા છે, જીવ–દયા એ પોતાની દયા છે. આ દૃષ્ટિ રાખીને આત્માર્થી સાધકોએ હિંસાનો સર્વથા ત્યાગ કર્યો છે.

*નત્થિ એરિસો પાસો પડિબંધો અત્થિ સવ્વ–જીવાણં*

– શ્રી પ્રશ્નવ્યાકરણ

સર્વજીવોને (જન્મ સરખો) એવો બીજો કોઈ પાશ = બંધન નથી કે પ્રતિબંધ નથી જેનાથી તે મુક્ત થઈ શકે.

jainuniversity.org

*દેવ –દાણવ– ગંધવ્વા, જક્ખ – રક્ખસ્સ – કિન્નરા,*
*બંભયારિ નમંસંતિ, દુક્કરં જે કરંતિ તે.*

– શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

જે મનુષ્ય દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને દેવ, દાનવ, ગંધર્વ , યક્ષ, રાક્ષસ અને કિન્નર વગેરે બધા નમસ્કાર કરે છે.

*જહ તુબ્ભે તહ અમ્હે તુમ્હે વિ હોહિહા જહા અમ્હે,*
*અબ્ભાહેઈ પડંતં પંડુઅ – પત્તં કિસલયાણં.*

– શ્રી અનુયોગ દ્વાર

પીળું પાંદડું જમીન પર પડતાં પોતાના સાથી પાંદડાંને કહે છે, "આજે જે સ્થિતિ તમારી છે તેવી એક દિવસ મારી પણ હતી અને આજે જે મારી સ્થિતિ છે તેવી એક દિવસ તમારી પણ થશે જ."

*યેન તત્ત્વં વિબુધ્યતે યેન ચિત્તં નિરુધ્યતે,*
*યેન આત્મા વિશુધ્યતે, તજ્ જ્ઞાનં જિનશાસને.*

– શ્રી સમણસુત્તં

જેનાથી તત્ત્વનું જ્ઞાન થઈ શકે, જેનાથી ચિત્તનો નિરોધ સાધી શકાય, જેનાથી આત્મા વિશુદ્ધ બને એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવે છે.

*યેન રાગાદ્વિરજ્યતે યેન શ્રેયસ્સુ રજ્યતે,*
*યેન મૈત્રી પ્રભાવ્યેત, તજ્ જ્ઞાનં જિનશાસને.*

– શ્રી સમણસુત્તં

જે વડે જીવ રાગથી વિમુખ બને છે, હિતમાં અનુરક્ત બને છે અને મૈત્રીભાવ વધતો જાય છે એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવ્યું છે.

*જિનવચનમૌષધમિદં, વિષયસુખવિરેચનમ્ અમૃતભૂતમ્,*
*જરામરણવ્યાધિહરણં, ક્ષયકરણં સર્વદુ:ખાનામ્.*

– શ્રી દર્શનપાહુડ

વિષયસુખનું વિરેચન કરવા, જરા–મરણરૂપી વ્યાધિને દૂર કરવા તથા બધાં દુ:ખોનો નાશ કરવા જિન વચન અમૃતસમું ઔષધ છે.

*જ્ઞાતે હ્યાત્મનિ નો ભૂયો જ્ઞાતવ્યમવશિષ્યતે,*
*અજ્ઞાતે પુનરેતસ્મિન્ જ્ઞાનમન્યન્નિરર્થકમ્*

– શ્રી અધ્યાત્મસાર

આત્માને જાણ્યો તો પછી બીજું કંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી અને જો આત્માને જાણ્યો નથી તો પછી બીજું સર્વ જ્ઞાન નિરર્થક છે.

*મા મુજ્ઝહ મા રજ્જહ મા દૂસહ ઈટ્ઠ ણિટ્ઠ અટ્ઠેસુ,*
*થિરમિચ્છહિ જઈ ચિત્તં વિચિત્તજ્ઝાણપ્પસિદ્ધિણ.*

– શ્રી દ્રવ્યસંગ્રહ

જો તમે નાના પ્રકારના ચિતલરૂપ ધ્યાનની પ્રસિદ્ધિ માટે ચિતની સ્થિરતા ઈચ્છતા હો તો ઈષ્ટ કે અનિષ્ટ પદાર્થોમાં મોહ ના કરો, રાગના કરો કે દ્વેષના કરો.

*વિરમ વિરમ સંગાત્ મુચ્ય મુચ્ય પ્રપચ્યં વિસૃજ વિસૃજ મોહં વિદ્ધિ વિદ્ધિ સ્વ તત્વમ્,*
*કલય કલય વૃત્તં પશ્ય પશ્ય સ્વરૂપમ્, કુરુ કુરુ પુરૂષાર્થં નિવૃતીનન્દહેતોઃ.*

– શ્રી જ્ઞાનાર્ણવ

હે આત્મન્! સર્વ સંગ, પરિગ્રહથી વિરામ પામ, વિરામ પામ. જગતના પ્રપંચોનો ત્યાગ કર, ત્યાગ કર. મોહને તજી દે, તજી દે. આત્મતત્ત્વનો બોધ પામ, બોધ પામ. ચારિત્રનો અભ્યાસ કર, અભ્યાસ કર. પોતાના આત્મસ્વરૂપ તરફ દૃષ્ટિ કર, દૃષ્ટિ કર અને મોક્ષસુખના અનંત આનંદ માટે પુરુષાર્થ કર, પુરુષાર્થ કર.

*અહં ભ્રાન્તઃ પૂર્વં તદનુ ચ જગત્ મોહવશતઃ, પરદ્રવ્યે ચિન્તા સતતકરણાદાભવમહો,*
*પરં દ્રવ્યં મુક્તવા વિહરતિ ચિદાનન્દનિલયે, નિજદ્રવ્યે યો વૈ તમિહ પુરુષં ચેતસિ દધે.*

– શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી.

અહો! આશ્ચર્ય! અનાદિકાળથી સંસારમાં પરદ્રવ્યોની જ સતત ચિંતા કરતાં મોહવશે, ભ્રાંતિથી હું આજ સુધી ભમ્યો. જગત પણ તે જ પ્રકારે ભ્રમમાં ભૂલ્યું છે! હવે આ પરિભ્રમણથી થાકેલો, તેથી પાછા ફરવાની ઈચ્છાવાળો હું, જે મહાત્મા ભેદજ્ઞાનના બળે પરદ્રવ્યોનો ત્યાગ કરીને સહજાત્મસ્વરૂપમાં સદા વિહાર કરી રહ્યા છે, એવા આત્મજ્ઞાની જ્ઞાનીપુરુષને મારા હૃદયમાં અપૂર્વ પ્રેમે ધારણ કરું છું, તેમના આશ્રયે મારા આત્માને શોધું છું, સદા શુદ્ધ પવિત્ર બનાવું છું.

*ગૌરઃ સ્થૂલઃ કૃશો વાહં ઈત્યંગેનાવિશેષયન્*
*આત્માનં ધારયેન્ નિત્યં કેવલજ્ઞપ્તિવિગ્રહમ્.*
*મુક્તિરેકાન્તિકી તસ્ય ચિતે યસ્યાચલા ધૃતિઃ*
*તસ્ય નૈકાન્તિકી મુક્તિર્યસ્ય નાસ્ત્યચલા ધૃતિઃ.*

– શ્રી સમાધિશતક

હું ગોરો છું, જાડો છું, પાતળો છું વગેરે શરીરના વિશેષણોથી આત્માને તે રૂપ ન માનતાં આત્માને તો નિત્ય અવિનાશી શાશ્વત કેવળજ્ઞાનરૂપ શરીરવાળો જાણવો, માનવો અને તથારૂપ શ્રદ્ધાની અડોલપણે, અચળપણે પકડ કરી લેવી. જેના ચિત્તમાં એવી પકડ અચળપણે દૃઢ થઈ છે. પરંતુ એ પકડ જેના હૃદયમાં અચળ નથી તેનો મોક્ષ અવશ્ય નથી જ.

સવ્વે જીવા વિ ઈચ્છંતિ જીવિઉં  ન  મરિજીઉં ।
તમ્હા પાણિવહં ઘોરં નિગ્ગંથા વજજયંતિ ણં ॥

સર્વ  જીવો જીવવા ઈચ્છે છે.  કોઈ જીવને મરવું ગમતું
નથી.  એટલા માટે નિર્ગ્રન્થ મુનિઓ ભયંકર પ્રાણીવધનો
ત્યાગ કરે છે.

jainuniversity.org

તહેવ ફરૂસા ભાસા ગુરુભૂઓવધાઈણી  ।
સચ્ચા વિ સા ન વત્તવ્વા જઓ પાવસ્સ આગમો  ॥

સત્ય ભાષા પણ જો કઠોર હોય અને પ્રાણીઓનો મોટો
ઘાત કરનારી હોય તો તે બોલવ નહિ, કારણ કે એથી
પાપકર્મ બંધાય છે.

કોહં માણં ચ માયં ચ લોભં વ પાવવડ્ઢણં ।
વમે ચત્તારિ દોસે ઉ ઈચ્છંતો હિયમપ્પણો  ॥

ક્રોધ, માન, માયા અને લોભ એ પાપને વધારનારાં છે.
પોતાના આત્માનું હિત ઈચ્છનારે આ ચાર દોષોને છોડી
દેવા જોઈએ.

ઉવસમેણ હણે કોહં માળં મદ્દવયા જીણે  ।
માયં ચ ડજજવભાવેણ લોભં સંતોસઓ જીણે  ॥

ઉપશમ દ્વારા ક્રોધને નષ્ટ કરો, મૃદુતા દ્વારા માનને
જીવો, સરળતા દ્વારા કપટભાવને દૂર કરો અને સંતોષ
વડે લોભ પર વિજય મેળવો.

અપુચ્છિઓ ન ભાસેજજા ભાસમાણસ્સ અંતરા  ।
પિટ્ઠિમંસં ન ખાયેજજા માયામોસં વિવજજએ  ॥

સાધકે વગર પૂછ્યે બોલવું નહિ, ગુરુજનો વાતચીત
કરતા હોય તો વચ્ચે બોલવું નહિ, પીઠ પાછળ કોઈની નિંદા
કરવી નહિ અને કપટયુક્ત અસત્ય વાણીનો ત્યાગ કરવો.

*સમયા સવ્વભૂએસુ સત્તુમિત્તેસુ વા જગે ।*
*પાણાઈવાયવિરઈ જાવજજીવાએ દુક્કરં ॥*

શત્રુ હોય કે મિત્ર, સંસારના સર્વ જીવો પ્રત્યે સમભાવ
રાખવો અને જીવન પર્યંત કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી
એ ખરેખર દુષ્કર કાર્ય છે.

jainuniversity.org

*ચત્તારિ પરમંગાણી દુલ્લહાણીહ જન્તુણો ।*
*માણુસત્તં સુઈ સદ્ધા સંજમમ્મિ ય વીરિયં ॥*

આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત
દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ, (૨) શ્રુતિ એટલે
શાસ્ત્રશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમપાલન
માટે વીર્ય એટલે આત્મબળ.

*વરં મે અપ્પા દંતો સંજમેણ તવેણ ય ।*
*મા હં પરેહિ દમ્મંતો બંધણેહિં વહેહિં ય ॥*

સંયમ અને તપથી હું મારા આત્માનું દમન કરું એ જ
ઉત્તમ છે. બીજા લોકો બંધનમાં નાખીને કે વધ કરીને મારા
આત્માને દમે તેના કરતાં આ સારું છે.

*અપ્પા કત્તા વિકત્તા ય દુકખાણ ય સુહાણ ય ।*
*અપ્પા મિત્તમમિત્તં ચ દુપ્પટ્ઠિયસુપટ્ઠિઓ ॥*

આત્મા પોતે જ પોતાનાં સુખદુ:ખનો કર્તા છે અને એનો
નાશ કરનાર પણ છે. એટલા માટે સન્માર્ગે ચાલનારો
આત્મા મિત્ર છે અને કુમાર્ગે ચાલનારો આત્મા શત્રુ છે.

*જહાં લાભો તહા લોભો લાભા લોભો પવડ્ઢઈ ।*
*દોમાસકયં કજ્જં કોડીએ વિ ન નિટ્ઠિયં ॥*

જેમ જેમ લાભ થાય તેમ તેમ લોભ થાય છે. લાભથી
લોભ વધતો જાય છે. બે માસા સોનાથી કે કામ પાર પડી
શકે, તે કામ કરોડોથી પણ પૂરું થતું નથી.

*ખણમેત્તસોક્ખા બહુકાલદુક્ખા પકામદુક્ખા અનિકામ સોક્ખા ।*
*સંસારમોક્ખસ્સ વિપક્ખભૂયા ખાણી અણત્થાણ ઉ કામભોગા ॥*

કામભોગો ક્ષણ માત્ર સુખ આપનારા અને બહુકાળ દુ:ખ આપનાર છે, ઘણું દુ:ખ અને થોડું સુખ આપનારા છે. કામભોગો સંસારમાંથી છૂટવામાં શત્રુરૂપ છે અને અનર્થોની ખાણ છે.

jainuniversity.org

jainuniversity.org

jainuniversity.org

jainuniversity.org